# **નમૂનો-૧**

અગ્રતા ક્રમ:- **૨૩**

વિભાગ:- મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-**15/4/1443**

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તા:-૨૦.૦૨.૨૦૨૪ (બીજી બેઠક)

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર.

પ્રશ્નનું શિર્ષક:- ”છોટાઉદેપુર જિલ્લામાં હકક પત્રક નોધોના નિકાલ બાબત”

પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ તથા તેમનો મત વિસ્તાર:

માન.ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર)

# અનુક્રમણિકા



| ક્રમ. નં. | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| મુળ પ્રશ્ન | છોટાઉદેપુર જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ | |
| જવાબ | વિભાગનો જવાબ | |
| | પ્રશ્નનુ મુખ્ય હાર્દ | પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ |
| ૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી હકક પત્રક નોંધો પાડવામાં આવી ? | શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા (છોટાઉદેપુર) |
| ૨ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી હકક પત્રક નોંધો મંજૂર કરવામાં આવી ? | શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા (છોટાઉદેપુર) |
| ૩ | તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૪ના સમયગાળામાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર હકક પત્રક નોંધોનો નિકાલ. | શ્રી જ્યંતિભાઇ રાઠવા (જેતપુર-પાવી) |
| ૪ | સામાન્ય રીતે નોંધો કેટલા પ્રકારની હોય છે. ? | શ્રી જ્યંતિભાઇ રાઠવા (જેતપુર-પાવી) |
| ૫ | હકક પત્રક નોંધો કેટલા સમયમાં નિકાલ કરવાની હોય છે. ? | શ્રી અભેસિંહ તડવી (સંખેડા) |
| ૬ | વારસાઇની નોંધો નામંજુર થવાના કિસ્સામાં શું જોગવાઇ છે ? | શ્રી અભેસિંહ તડવી (સંખેડા) |
| ૭ | વારસાઈમાં કોઈ બાકી રહે નહિ તેમાટે સરકારે શી વિચારણા / જોગવાઈ કરેલ છે ? | |
| | હક્ક પત્રકની નોંધ સંબંધી કાર્યપધ્ધતિ | |
| | હકક પત્ર અંગેની ટૂકી સમજ :- | |

# છોટાઉદેપુર જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ

તારાંકિત પ્રશ્ન                                                                 ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1443

વિષય:

છોટાઉદેપુર જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ બાબત

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 16/01/2024 | 14/02/2024 | 01/02/2024 |

*15/4/1443 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા(છોટાઉદેપુર)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કે:-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) નોંધો નામંજૂર કરવાના કારણો શા છે?

----

મુખ્ય પેજ પર જાઓ

# વિભાગનો જવાબ

**છોટાઉદેપુર જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ**

***15/4/1443 : શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે :–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| **(૧)** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, | **(૧)** ૧૩૩૮ |
| **(૨)** તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને | **(૨)** પાડવામાં આવેલ નોંધો: ૧૫૮૬૦; મંજુર કરેલ નોંધો: ૧૩૯૭૦; નામંજુર કરેલ નોંધો: ૫૫૨ |
| **(૩)** નોંધો નામંજૂર કરવાના કારણો શા છે? | **(૩)** (૧) વારસાઇ પ્રકારમાં અરજદારો દ્વારા રજુ કરેલ કાગળો (પેઢીનામા, મરણના દાખલા) વિગેરેમાં વિસંગતતા હોવાથી. (૨) ફેરફાર નોંધમાં બધા ખાતેદારોની સંમતિ ના હોવાથી. (૩) સહભાગીદાર તરીકે દાખલ થનાર વ્યક્તિ ખેડુત ખાતેદાર ન હોવાથી. (૪) સહભાગીદાર તરીકે આડીલીટીના વારસદાર દાખલ થતા હોવાથી. |

Answer (૨) table:

| | |
|---|---|
| પાડવામાં આવેલ નોંધો | ૧૫૮૬૦ |
| મંજુર કરેલ નોંધો | ૧૩૯૭૦ |
| નામંજુર કરેલ નોંધો | ૫૫૨ |

Answer (૩) table:

| | |
|---|---|
| (૧) | વારસાઇ પ્રકારમાં અરજદારો દ્વારા રજુ કરેલ કાગળો (પેઢીનામા, મરણના દાખલા) વિગેરેમાં વિસંગતતા હોવાથી. |
| (૨) | ફેરફાર નોંધમાં બધા ખાતેદારોની સંમતિ ના હોવાથી. |
| (૩) | સહભાગીદાર તરીકે દાખલ થનાર વ્યક્તિ ખેડુત ખાતેદાર ન હોવાથી. |
| (૪) | સહભાગીદાર તરીકે આડીલીટીના વારસદાર દાખલ થતા હોવાથી. |

---

મુખ્ય પેજ પર જાઓ

પ્રશ્નનુ મુખ્ય હાર્દ:

હક્ક પત્રક મહેસૂલી રેકર્ડના પાયાનો ગામ નમૂનો છે. મહેસૂલી રેકર્ડ ના ૭/૧૨ માં થતાં તમામ ફેરફારો ગામ નમૂના નંબર ૬ એટલે કે હક્ક પત્રકમાં દાખલ કરવામાં આવતા હોય છે.

હક્ક પત્રક અધ્યતન કરવાથી ખાતેદારનો ગામ નમૂનો નંબર ૭ અધ્યતન રહે છે. જેથી ખાતેદાર દ્વારા દાખલ કરવામાં આવતા ફેરફારો અધ્યતન કરવાથી ખેડૂતોનું મહેસૂલી રેકર્ડ અધ્યતન રહે છે તથા સરકારશ્રી દ્વારા આપવામાં આવતી યોજનાઓના લાભ ખેડૂતો/ખાતેદારો સુધી યોગ્ય રીતે પહોંચી શકે છે. સરકારની મહેસૂલી આવક તથા પ્રજાના હક્કોનુ રક્ષણ થઇ શકે છે.

આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમાં હક્ક પત્રક સંબંધિત સને.૧૯૫૩ થી સને.૨૦૦૩ સુધીના તમામ ઠરાવો/પરિપત્રો (કુલ-૯૦) વિગેરેનું સંકલન કરી અધ્યતન સુચનાઓ તા.૦૧-૧૨-૨૦૦૩ના રોજ બહાર પાડવામાં આવેલ છે, જેના લીધે હક્ક પત્રકની જાળવણી ખુબ સરળ બની છે.

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમાંક: ૨૩**

**ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1443**

<table>
<tr><td colspan="2">પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ રાઠવા (છોટાઉદેપુર)</td></tr>
<tr><td>પેટા પ્રશ્ન -૧</td><td>તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી હકક પત્રક નોંધો પાડવામાં આવી ?</td></tr>
<tr><td>જવાબ-૧</td><td>
<table>
<tr><td>તાલુકાનુ નામ</td><td>નોંધ પાડવામાં આવી</td></tr>
<tr><td>છોટાઉદેપુર</td><td>૨૨૯૧</td></tr>
<tr><td>ક્વાંટ</td><td>૧૫૦૬</td></tr>
<tr><td>જેતપુર-પાવી</td><td>૨૪૭૩</td></tr>
<tr><td>નસવાડી</td><td>૧૭૭૧</td></tr>
<tr><td>બોડેલી</td><td>૪૧૮૦</td></tr>
<tr><td>સંખેડા</td><td>૩૬૩૯</td></tr>
<tr><td>કુલ</td><td>૧૫૮૬૦ (પંદર હજાર આઠસો સાઇઠ)</td></tr>
</table>
</td></tr>
</table>

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમાંક: ૨૩

## ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1443

<table>
<tr><td colspan="2">પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ રાઠવા (છોટાઉદેપુર)</td></tr>
<tr><td>પેટા પ્રશ્ન -૨</td><td>તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી હકક પત્રક નોંધો મંજૂર કરવામાં આવી ?</td></tr>
<tr><td>જવાબ-૨</td><td>
<table>
<tr><th>તાલુકાનુ નામ</th><th>મંજુર નોંધોની સંખ્યા</th></tr>
<tr><td>છોટાઉદેપુર</td><td>૨૦૦૫</td></tr>
<tr><td>ક્વાંટ</td><td>૧૩૨૨</td></tr>
<tr><td>જેતપુર-પાવી</td><td>૨૨૦૪</td></tr>
<tr><td>નસવાડી</td><td>૧૫૫૬</td></tr>
<tr><td>બોડેલી</td><td>૩૭૧૧</td></tr>
<tr><td>સંખેડા</td><td>૩૧૭૨</td></tr>
<tr><td>કુલ</td><td>૧૩૯૭૦<br>(તેર હજાર નવસો સીત્તેર)</td></tr>
</table>
</td></tr>
</table>

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમાંક: ૨૩

## ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1443

| પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી જ્યંતિભાઇ રાઠવા (જેતપુર-પાવી) | |
|---|---|
| પેટા પ્રશ્ન -3 | તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૪ના સમયગાળામાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર હક્ક પત્રક નોંધોનો નિકાલ. |
| જવાબ -3 | |

| તાલુકાનુ નામ | નિકાલ કરેલ નોંધ |
|---|---|
| છોટાઉદેપુર | ૧૬૨ |
| ક્વાંટ | ૧૦૬ |
| જેતપુર-પાવી | ૧૩૫ |
| નસવાડી | ૧૧૫ |
| બોડેલી | ૨૪૬ |
| સંખેડા | ૨૪૪ |
| કુલ | ૧૦૦૮<br>(એક હજાર આઠ) |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમાંક: ૨૩

## ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1443

| પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી જ્યંતિભાઇ રાઠવા (જેતપુર-પાવી) | |
|---|---|
| પેટા પ્રશ્ન -૪ | સામાન્ય રીતે નોંધો કેટલા પ્રકારની હોય છે. ? |
| જવાબ-૪ | વારસાઇ, હયાતીમાં હકક દાખલ, હક્ક કમી, વેચાણ, વસીયત, ભેટ, સહભાગીદાર હકક દાખલ, બોજો /ગીરો દાખલ, સગીર પુખ્ત થયાની, બોજો મુક્તિ/ગીરો મુક્તિ અને વહેચણી/હયાતીમાં વહેચણી, હુકમી એવા જુદા જુદા નોંધોના પ્રકાર હોય છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમાંક: ૨૩

## ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1443

| પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી અભેસિંહ તડવી (સંખેડા) | |
|---|---|
| પેટા પ્રશ્ન -૫ | હકક પત્રક નોંધો કેટલા સમયમાં નિકાલ કરવાની હોય છે. ? |
| જવાબ -૫ | સરકારશ્રીના તા.૧/૧૨/૨૦૦૩ના પરીપત્રની સૂચના મુજબ ફેરફાર નોંધો સમયસર પ્રમાણિત કરવા માટે ત્રણ માસનો સમય રાખવામાં આવ્યો છે. તદઅનુસાર વ્યક્તિગત નોટીસ બજાવ્યા પછી ત્રીસ દિવસે નોંધ પ્રમાણિત કરવાની કામગીરી હાથ પર લેવાની થાય છે અને વધુમાં વધુ ત્રણ મહિનાની અંદર નોંધનો નિકાલ કરવાનો રહે છે.<br>હુકમી, ઓનલાઇન બોજો દાખલ, ઓનલાઇન બોજો કમી વિગેરે નોંધોનો નિકાલ નોટીસ બજવ્યા પછી માત્ર ૧૦(દસ) જ દિવસમાં કરવાની જોગવાઇઓ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમાંક: ૨૩

## ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1443

| પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી અભેસિંહ તડવી (સંખેડા) | |
|---|---|
| પેટા પ્રશ્ન-૬ | વારસાઇની નોંધો નામંજુર થવાના કિસ્સામાં શું જોગવાઇ છે ? |
| જવાબ-૬ | વારસાઇની નોંધો નામંજુર થવાના કિસ્સામાં નારાજ થતી વ્યક્તિ ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ના નિયમ -૧૦૮(૫) ની જોગવાઇ મુજબ સંબંધિત પ્રાંત અધિકારી સમક્ષ અપીલ દાખલ કરી શકે છે. પ્રાંત અધિકારીના નિર્ણયથી નારાજ થતી વ્યક્તિ કલેકટરશ્રી સમક્ષ નિયમો-૧૯૭૨ના નિયમ -૧૦૮(૬) હેઠળ રીવીઝન અરજી દાખલ કરી શકે છે. કલેકટરશ્રીના નિર્ણયથી નારાજ થતી વ્યક્તિ નિયમ -૧૦૮(૬) (ક) હેઠળ સચિવશ્રી (વિવાદ) સમક્ષ ફેર તપાસ અરજી દાખલ કરી શકે છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમાંક: ૨૩

## ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1443

| | |
|---|---|
| પેટા પ્રશ્ન -૭ | વારસાઈમાં કોઈ બાકી રહે નહિ તેમાટે સરકારે શી વિચારણા /જોગવાઈ કરેલ છે ? |
| જવાબ -૭ | વારસાઈમાં કોઈ વારસદાર બાકી રહે નહિ તે માટે સરકારે તા.૩.૨.૨૦૦૩ના પરિપત્રથી સૂચનાઓ બહાર પાડેલ છે, જે મુજબ ખાતેદારના મૃત્યુ બાદ કાયદેસરના વારસોની રેકર્ડમાં તુરત જ નોંધ કરવા તલાટીઓ તથા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## હક્ક પત્રકની નોંધ સંબંધી કાર્યપધ્ધતિ

| ક્રમ | પ્રકાર | કાર્યપધ્ધતિ |
|---|---|---|
| ૧ | વેચાણ | સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે સીધી ઓનલાઈન નોંધ |
| ૨ | બોજો દાખલ તથાબોજો કમી | બેંકો દ્વારા સીધી ઓનલાઈન નોંધ |
| ૩ | હુકમી નોંધ | હુકમ કરનાર સંબંધિત અધિકારી દ્વારા |
| ૪ | ઈ-ધરા કેન્દ્ર ખાતે અન્ય પ્રકારની નોંધો | (૧) વારસાઈ (૨) વહેંચણી (૩) સહભાગીદારી હક દાખલ/ હક્ક કમી (૪) સગીર પુખ્ત (૫) હયાતીમાં હક દાખલ/ કમી (૬) હયાતીમાં વહેંચણી (૭) બીજા હક્ક દાખલ/બીજા હક્ક કમી (૮) ગીરો દાખલ/ગીરો મુક્તિ |
| ૫ | કાચી નોંધ | અરજદારની અરજી સંદર્ભે ઈ-ધરા કેન્દ્ર ખાતે કાચી નોંધ દાખલ કરવામાં આવે છે. જે અંગેનો અરજદારને મોબાઈલ પર મેસેજ મળે છે. ત્યારબાદહક્ક ફેરફાર સબંધી ૧૩૫-ડી ની નોટીસ જનરેટ થાય છે. |
| ૬ | નોટીસની બજવણી | ૧૩૫-ડી ની નોટીસની બજવણી લાગુ પડતા વ્યક્તિને રૂબરૂ, હાથોહાથ, આર.પી.એ.ડી. મારફતે કરવામાં આવે છે. તથા ૧૩૫-ડી ની પ્રસીધ્ધી ગ્રામ પંચાયતની ચાવડી પર, ખેતર પરના વૃક્ષ ઉપર પંચરોજ કામ કરી કરવામાં આવે છે. |
| ૭ | પાકી નોંધ અનેતેની અસર | 30 દિવસમાં વાંધો રજુ ન થાય તો નિર્ણય કરનાર અધિકારી નિયમાનુસાર નોંધનો નિર્ણય કરે છે,નોંધ પાકી થાય છે અને જેનો અરજદારને મોબાઈલ પર મેસેજ મળે છે. તે મુજબ ઇ-ધરા સોફ્ટવેરમાં અસર આવે છે. પાકી થયેલ નોંધની ગામ નમૂના નંબર ૭ માં અસર આવે છે. |

| | | |
|---|---|---|
| ૮ | વાંધો રજુ કરવાની સમયમર્યાદા અને તકરારી નોંધનો નિકાલ | બજવણી થયેલ નોટીસના ૩૦ દિવસની અંદર થયેલ ફેરફાર સબંધી કોઇને વાંધો હોય તો તે લેખીત અથવા ઇલેક્ટ્રોનીક સ્વરૂપે મામલતદાર કચેરીમાં વાંધો રજુ કરી શકે છે. વાંધો રજુ કરતા નોંધ તકરારી રજીસ્ટરે ચડાવી તાજેતરમાં કરેલ સુધારા મુજબ તકરારી નોંધનો પ્રાંત અધિકારી તેનો નિકાલ કરે છે. |
| ૯ | નોંધના કાગળોની જાળવણી માટે સ્કેનીંગ | નોંધના દસ્તાવેજોની જાળવણી માટે ૫ પ્રકારના અગત્યના કાગળો સ્કેન કરી સોફ્ટવેરમાં અપલોડ કરવામાં આવે છે.<br>૧. અરજી સાથેના દસ્તાવેજ કાગળો<br>૨. બજવણી અંગેની સહીઓ થયેલ હોય તેવી ૧૩૫-ડી નીનોટીસનીઓફીસ કોપી<br>૩. અધિકારીએ નિર્ણય કરેલ નોંધની પ્રિન્ટ<br>૪.કરેલ નિર્ણય મુજબની અસર ચકાસવાના એસ-ફોર્મની પ્રિન્ટ<br>૫. હુકમી ફેરફારના કિસ્સામાં હુકમની નકલ |
| ૧૦ | નોંધ રદ કરવાની આગાઉની પધ્ધતિ નાબૂદ | વિભાગના તા.૧૭/૦૨/૧૪ના પરિપત્રથી ગામ નમૂના નં.૬ ની નોંધ‘રદ’ કરવાની પ્રથા નાબુદ કરી આધાર ફાઇલના કાગળોની યથાર્થતા ચકાસી “ પ્રમાણિત” કે “ નામંજુર” એ બે માંથી જ કોઇ એક નિર્ણય કરવાનું ઠરાવેલ છે. |
| ૧૧ | વારસાઈ ઓન લાઈન | તા.૦૭/૦૩/૧૯ના પરિપત્રથી ગામ નમૂના નં. ૬ માં ઇ-ધરા કેન્દ્ર ખાતે“વારસાઇ” ફેરફાર નોંધની ઓનલાઇન અરજી કરવા અંગે કાર્યપધ્ધતિ નક્કી કરેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

હક્ક પત્ર અંગેની ટૂકી સમજ :-

**ઇ-ધરા કેંદ્ર ખાતે પાડવામાં આવતી નોંધો બાબતની કાર્યપ્રણાલી વિષેની ટૂંકી નોંધ**

- મામલતદાર કચેરીના ઇ-ધરા કેંદ્ર ખાતે વેચાણ, હયાતીમાં વહેંચણી, વારસાઇ , હયાતીમાં હકક દાખલ, હકક કમી, બીજા હકક દાખલ, બોજા દાખલ, બોજા મુકતી, વસિયત, ગીરોદાખલ, ગીરો મુક્તિ, કે.જે.પી.દુરસ્તી, હુકમ વિગેરે પ્રકારની નોંધો પાડવામાં આવે છે.
- સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે નોંધવામાં આવતા ખેતીની જમીનના વેચાણ વ્યવહાર ના રજીસ્ટ્રેશનની નોંધ ઓટોમ્યુટેશન થી ઇ-ધરા કેન્દ્ર ના વેબ ભુલેખ સોફટવેરમાં પાડવામાં આવે છે.
- બેંક ધ્વારા આપવામાં આવતા બોજા અંગેની બોજા દાખલ તથા બોજા મુકતીની નોંધ ઓટોમ્યુટેશનથી બેંક દ્વારા ઇ-ધરા કેન્દ્ર ના વેબ ભુલેખ સોફટવેરમાં પાડવામાં આવે છે. જેથી અરજદારને એકરારનામા કે બોજામુકતીના દાખલા લઇ મામલતદાર કચેરી ખાતે નોંધ પાડવા માટે જવાનું રહેતું નથી.
- ખેતીની જમીનમાં રેવન્યુ ઓથોરીટી ધ્વારા કરવામાં આવતા હુકમની નોંધ સબંધિત અધિકારી ધ્વારા તેમના લોગીન થી ઓનલાઇન હુકમ અપલોડ કરી હુકમી નોંધ જનરેટ કરવામાં આવે છે.
- અરજદાર ઓનલાઇન iORA એપ્લીકેશનમાં વારસાઇ તથા હયાતીમાં હકકદાખલ અંગે ઓનલાઇન નોંધ જનરેટ કરે છે ત્યારબાદ ઓનલાઇન કાચીનોંધ જનરેટ થાય છે.

- અરજદાર જયારે તેમની અરજી ઇ-ધરા કેંદ્રમાં આપે છે ત્યારે ઇ-ધરા કેંદ્રમાંથી અરજી સ્વીકાર્યા અંગેની પહોંચ અરજદારને આપવામાં આવે છે ત્યારબાદ ઇ-ધરા કલાર્ક ધ્વારા વેબ ભુલેખ સોફટવેરમાં  અરજીની કાચી નોંધ જનરેટ કરવામાં આવે છે. કાચી નોંધની સ્કીપ્ટ ના.મામ. ઇ-ધરા ધ્વારા વેરીફાય કરી કાચી નોંધ લોક કરવામાં આવે છે. કાચી નોંધ પડ્યા બાદ હિત સબંધ ને ૧૩૫-ડી નોટીસ ની બજવણી રેવન્યુ તલાટી મારફતે કરવમાં આવે છે. ૧૩૫-ડી નોટીસની બજવણીના 30 દિન દરમ્યાન જો વાંધા અરજી આવે તો નોંધ તકરારી દાખલ કરી નાયબ કલેકટશ્રીને નિર્ણય અર્થે મોકલી આપવામાં આવે છે જો ૧૩૫-ડી નોટીસ બજવણી ના દિન-30 માં વાંધા અરજી ના આવે તો નોંધ સર્કલ ઓફીસરને નિર્ણય અર્થે મોકલી આપવામાં આવે છે. નોંધ નિર્ણય બાદ ઇ-ધરા કેંદ્ર માં નોંધ ના નિર્ણય મુજબ એેસ ફોર્મ બનાવી ૭/૧૨ રેકર્ડ અસર આપવામાં આવે છે. નોંધ ના નિકાલ થયા બાદ નોંધના કાગળોને સ્કેન કરી ઓનલાઇન અપલોડ કરી અસલ કાગળોને વર્ગીકરણ કરી રેકર્ડ રૂમ માં મુકવામાં આવે છે.

મુખ્ય પેજ પર જાઓ